| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
|---|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 15 | |

## વિષય કોડ – DSM1

વિષય : ગુજરાતી (મુખ્ય પરીક્ષા) (વર્ણનાત્મક)

સમય : 3 કલાક    માધ્યમ : ગુજરાતી    ગુણ : 100

સૂચના : જમણી તરફ પ્રશ્નના ગુણ દર્શાવેલ છે.

પ્ર-1. નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા 250 અને વધુમાં વધુ **300** શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો

1.1 'ગ્રીન ઇન્ડિયા'ની સંકલ્પના : 2050નું ભારત

1.2 'સ્ટાર્ટ અપ' અને 'યુનિકોર્ન' કંપનીઓ : ભારતીય યુવાનોની પસંદગી શા માટે?

1.3 મનોરંજનનો નવો વિકલ્પ : વેબ સિરીઝના લાભાલાભ

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
|---|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

પ્ર-2. નીચેનાં બે વિકલ્પોમાંથી કોઈ પણ એક વિકલ્પનો આશરે **100** શબ્દોમાં વિચારવિસ્તાર કરો.

2.1 આપણી વ્યથા, અવરને મન રસની કથા, ઇતરના કંઈ તથા, જીરવી એને જાણીએ, વીરા !
– રાજેન્દ્ર શાહ

2.2 રમતાં રમતાં લડી પડે, ભૈ માણસ છે, હસતાં હસતાં રડી પડે, ભૈ માણસ છે.
– જયંત પાઠક

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
|---|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

પ્ર-3. નીચે આપેલ ગદ્યખંડનો (293 શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ 1/3 ભાગમાં સંક્ષેપ કરો.

ઉત્ક્રાંતિમાં અનુકૂલનના વિશિષ્ટ સાધન તરીકે બુદ્ધિ એક સાધન છે એવું વ્યવહારવાદીઓનું મંતવ્ય છે. બુદ્ધિને શુદ્ધ બુદ્ધિ તરીકે લેખી તેનું વધુ પડતું મૂલ્ય આંકવાનું નથી. જ્ઞાન એ કામ કે કર્તવ્ય માટેનું આયોજન કે પૂર્વતૈયારી છે. વિચાર કરવો એટલે કોઈ સમસ્યાને વહેવારુ રીતે ઉકેલવાની રીતિ અખત્યાર કરવી. પ્રાણીજગતમાં ઉંદર, બિલાડી કે વાનર પીંજરામાં કે પીંજરાની બહાર અટપટી રીતિને ઓળંગીને ખોરાક પ્રાપ્ત કરવા યોજના રચે છે તેમ મનુષ્ય પોતાના ધ્યેયને મેળવવા વિવિધ પ્રયત્ન અને ભૂલના પ્રયાસો અજમાવે છે. આ ઉપરાંત બુદ્ધિ એ મનનું હાર્દિક લક્ષણ છે. તેને વ્યવહારવાદ નકારે છે. વિચાર કે બુદ્ધિ કરતાં સંકલ્પ એ આપણા મનનું હાર્દિક સ્વરૂપ છે. વ્યવહારવાદીઓ એમ માને છે કે સત્વનું હાર્દિક સ્વરૂપ અપરિવર્તનશીલ નથી, એ પરિવર્તનશીલ અને સક્રિય છે.

સત્ય અને અસત્ય વચ્ચે જે ભેદ પાડવામાં આવે છે તેની વ્યાવહારિક ચકાસણી કરવી જોઈએ. કોઈ પણ વિચાર કે માન્યતાને સાચી માનવામાં આવે તો એમ કરવાથી કોઈ વ્યક્તિના જીવનમાં કયા નોંધપાત્ર ફેરફાર થવા પામે છે ? આમ આ સિદ્ધાંત સત્યની વ્યાખ્યા રચવા માટે નથી,

પરંતુ સત્યની પરીક્ષા કરવા માટે છે. અહીં વ્યવહારલક્ષી માપદંડના બે અર્થ છે : એક એ કે માન્યતા અને વિચારની અનુરૂપતા તેમજ આનુષંગિક પરિબળોની ચકાસણી કરવી અને બીજો અર્થ એ કે જૈવિક અનુકૂલન પ્રાપ્ત કરી કાર્યદક્ષ બનવું. પહેલો અર્થ અનુરૂપતા અને સંવાદિતાના માપદંડો સાથે મળતો આવે છે. જે વિચારકો અનુરૂપતા અને સંવાદિતાના માપદંડોમાં માને છે એ પણ સંતોષકારક વ્યવહારુ પરિણામને સત્યની કસોટી તરીકે આવકારે છે; પરંતુ જ્ઞાનના વ્યવહારુ સિદ્ધાંત પર જીવશાસ્ત્રની વધુ અસર થવાથી જ્ઞાન અને સત્યની વિભાવના પણ ધીમે ધીમે બદલાઈ. જ્ઞાન એ કેવળ પૂર્વ અસ્તિત્વ ધરાવતી સત્તાની નકલ કે અરીસામાં પ્રતિબિંબ પાડવાની રીત નથી, પરંતુ કાર્યદક્ષ પ્રવૃત્તિ માટે જૈવિક સાધન છે. આમ જ્ઞાનની સત્યતા કે તેની યથાર્થતા એ ઉપયોગિતા કે વ્યવહારુદક્ષતા પર આધારિત છે, એ વાતાવરણ પ્રત્યે સભાન પ્રતિક્રિયા કે ભવિષ્યના કાર્ય માટે આયોજન છે, એ ભૂતકાળની ક્રિયા નથી; પરંતુ ભવિષ્ય તરફ ગતિ કરતી પ્રવૃત્તિ છે.

- હરસિદ્ધ મ. જોશી

પ્ર-4. નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (5 પ્રશ્નો × 2 ગુણ)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

મધુમાલતીની ગભરુ કળીને દુ:સ્વપ્ન આવ્યું છે. એ ઊંઘમાં હીબકાં ભરે છે. નમવા આવેલી રાત ઝૂકીને એને ધીમેથી પૂછે છે : 'શું છે બેટા?' કળીના હોઠ ફફડે છે, લાખ જોજન દૂરના તારાની પાંપણ પલકે છે, મારી નાડી જોરથી ધબકે છે, અવાવરુ વાવને તળિયે શેવાળમાં જીનની દાઢી ધ્રૂજે છે, એના કંપથી એક ચીબરી કકલાણ કરી મૂકે છે. હું કાન સરવા રાખીને સાંભળું છું. પાંદડાંની આડશે પવન પણ કાન માંડીને બેઠો છે. કળી કહે છે : 'આવતી કાલે સૂરજ નહીં ઊગે.' પવન પૂછે છે : 'ગાંડી, કોણે કહ્યું તને?' કળી કહે છે : 'શેષનાગે મારા કાનમાં કહ્યું.' હવે શું થાય? બીજો સૂરજ ક્યાંથી લાવીશું? કોઈ કહે : 'બ્રહ્માજીને ઢંઢોળીને જગાડો ને કહો કે સવાર થાય તે પહેલાં બીજો સૂરજ ઘડી આપો.' પણ બ્રહ્માજીને જઈને કોણ જગાડે? એ સાંભળીને પાસેના તળાવમાંના દેડકાએ આંખો પટપટાવી, ગલોફાં ફુલાવ્યાં ને પછી બોલ્યો : 'ડ્રાંઉં ડ્રાંઉં, હું જાઉં.' બખોલમાં બેઠેલા સાપને હસવું આવ્યું. એણે મૂછો ફરકાવીને કહ્યું : 'તમે લંગડે પગે ક્યારે પહોંચશો?' તોત્સુકાની ઢીંગલીઓમાંની એકે ઠાવકું મોઢું રાખીને કહ્યું : 'સૂરજ ક્યાં છે તે હું જાણું છું.' બધાં કહે, 'તો ઝટ ઝટ કહી દે ને !' એવું ને એવું ઠાવકું મોઢું રાખીને એ બોલી : 'પરવાળાના બેટમાં એક જળપરી રહે છે. એણે એક સૂરજને પૂરી રાખ્યો છે. જો સૂરજ બહાર નીકળે તો રાજકુમારને ચાલ્યા જવું પડે, પરવાળાના બેટમાં રાત હોય ત્યાં સુધી જ એ જળપરીના મહેલમાં રહી શકે, સૂરજ ઊગતાંની સાથે જ એને ચાલ્યા જવું પડે. આથી જળપરીએ એને સંતાડી રાખ્યો છે. આ સાંભળીને બીજી ઢીંગલી હસી પડી ને બોલી : 'એ તો જુઠ્ઠી છે જુઠ્ઠી ! એક નહીં પણ લાખ સૂરજ હું લાવીને અબઘડી હાજર કરી દઉં.' બધાં એક સાથે બોલી ઊઠ્યાં : 'તો કરી દે હાજર.' એના જવાબમાં એ બોલી : 'આંધળાની આંખને તળિયે હજાર સૂરજ ડૂબ્યા છે. એને તાગવાની હિંમત હોય તે આવે મારી સાથે.' કોઈ ઊભું થયું નહીં. કળી બિચારી ફરી હીબકાં ભરવા લાગી. ત્યાં ઘુવડ બોલ્યું : 'આ ચાંદામામાએ કેટલાય સૂરજને આજ સુધીમાં લૂંટી લીધા છે. એ લૂંટ બધી પાછી કઢાવો એની પાસેથી.' ત્યાં તો

દૂરથી દરિયાદાદા ઘૂરક્યા : 'ખબરદાર.' હવે? રાતથી તો હવે ઝાઝું થોભી શકાય તેમ નહોતું. ત્યાં એક આગિયો બોલ્યો : 'ચાલો ને, આપણે સૌ મળીને આપણામાંનું થોડું થોડું તેજ એકઠું કરીને સૂરજ બનાવીએ.' આ સાંભળીને કળીને હોઠે સ્મિત ચમક્યું. એનું તેજ, આગિયાનું તેજ, સોયના નાકામાં દોરો પરોવતાં દાદીમાની આંખનું તેજ – એમ કરતાં કરતાં મારો વારો આવ્યો. અંધકારના ગાઢ અરણ્યને વીંધીને હું તેજ શોધવા નીકળ્યો, દૂર દૂર ચાલી નીકળ્યો, પણ જ્યાં જોઉં ત્યાં અંધકાર જ અંધકાર : શ્વાસના બે પડ વચ્ચે સિવાઇ ગયેલો અંધકાર, શબ્દોમાંથી ઝરપતો અંધકાર. એ અંધકારમાં ફાંફાં મારતો આગળ વધતો હતો ત્યાં કોઇકની જોડે ભટકાઇ પડ્યો. એનો ને મારો અંધકાર ચકમકની જેમ ઘસાયા, તણખો ઝર્યો, એના અજવાળામાં જોઉં છું તો – પણ એ કોણ હતું તેનું નામ નહીં કહું. મધુમાલતીની કળીએ આંખો ખોલી ત્યારે નવો નક્કોર સૂરજ ઊગી ચૂક્યો હતો. કળીએ શેષનાગના કાનમાં કહ્યું : સૂરજ ઊગ્યો. પણ દરરોજ સાંજે દયામણે ચહેરે કોઇ પૂછે છે : હવે આ સૂરજને તો કોઇ ચોરી નહીં જાય ને?

- સુરેશ જોષી

પ્રશ્નો :

4.1 કળીને આવેલું દુ:સ્વપ્ન કઇ મનોઅવસ્થાને સૂચિત કરે છે?

4.2 લેખકની કઇ અભિવ્યક્તિ એમનાં ભીતરને રજૂ કરે છે? એમનું ભીતર કેવું છે?

4.3 નિબંધમાં સર્જકે લેખનની કઇ પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે?

4.4 નિબંધને અસરકારક બનાવનારાં પરિબળો કયાં છે?

4.5 આ નિબંધ તમને પ્રેરણાદાયી જણાય છે? શા માટે?

પ્ર-5. ગુજરાતના કચ્છ ખાતે તાજેતરમાં પ્રવાસન વિષયક ચર્ચા માટે જી-20 (G-20) બેઠકનું આયોજન થયું. આ અંગે પ્રચાર માધ્યમોને જાણકારી આપતું રાજ્યના મુખ્યમંત્રીશ્રીનું નિવેદન તૈયાર કરો. (આશરે 150 શબ્દો)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર-6. ભિન્ન ભિન્ન પ્રકારના સાયબર એટેકથી બચવા માટે વિવિધ ભલામણો કરતો પત્ર આપના મિત્રને લખો.

(આશરે 100 શબ્દો)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 5 |

પ્ર-7. પ્રાકૃતિક ખેતીના પ્રચાર અને પ્રસાર માટે, તેની તરફેણમાં દલીલો કરતું ચર્ચાપત્ર 'અ બ ક' સામયિકના તંત્રીશ્રીને સંબોધીને લખો. (આશરે 200 શબ્દો)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર-8. ‘મીડિયા અને સેન્સરશીપ’ વિશે આયોજિત પરિસંવાદમાં આપ સહભાગી થયા. એ પરિસંવાદમાં રજૂ થયેલા મુખ્ય મુદ્દાઓને વર્ણવતો અહેવાલ લખો. (આશરે 200 શબ્દો)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર-9. આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો.

It’s a little facile, maybe, and certainly hard to implement, but I’d say, as a goal in life, you could do worse than: Try to be kinder.

Now, the million-dollar question: What’s our problem? Why aren’t we kinder?

Here’s what I think:

Each of us is born with a series of built-in confusions that are probably somehow Darwinian. These are: (1) we’re central to the universe (that is, our personal story is the main and most interesting story, the only story, really); (2) we’re separate from the universe (there’s US and then, out there, all that other junk-dogs and swing-sets, and the State of Nebraska and low-hanging clouds and, you know, other people), and (3) we’re permanent (death is real, o.k., sure – for you, but not for me).

Now, we don’t really believe these things – intellectually we know better – but we believe them viscerally, and live by them, and they cause us to prioritize our own needs over the needs of others, even though what we really want, in our hearts, is to be less selfish, more aware of what’s actually happening in the present moment, more open, and more loving.

So, the second million-dollar question: How might we DO this? How might we become more loving, more open, less selfish, more present, less delusional, etc., etc.?

- George Saunders

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર-10. સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (10 પ્રશ્નો × 1 ગુણ)

10.1. રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો.

- ચૈતર મહિને ચાંચ પાકવી

10.2. કહેવતનો અર્થ સમજાવો.

- ઘરનું ઘંઘોલિયું થવું

10.3. સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.

- ટાંચણપોથી

10.4. પંક્તિનો છંદ ઓળખાવો.

- સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ના હિંમત હારવી.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

10.5. અલંકાર ઓળખાવો.

- ઊગી જવાય વાડે, જો આ ક્ષણે વતન હોય.

10.6. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

- કુબેરનો અનુચર

10.7. શબ્દની જોડણી સુધારો.

- પરીમાર્જીત

10.8. વાક્યમાં જોડણીની ભૂલો સુધારો.

- ભોજ મમ્મટ અને રૂય્યક જેવા આલંકારીકો પણ રુદ્રટના અલંકારલક્ષણો અને ઉદાહરણોનો આધાર લે છે.

10.9. શબ્દની સંધિ છોડો.

- નવોઢા

10.10. વિધાન વાક્ય બનાવો.

- પરીક્ષા કેવી સરસ લખાઇ !

**Code : DSM-2**

**SUBJECT : ENGLISH (MAIN EXAM) (DESCRIPTIVE)**

**MEDIUM : ENGLISH**

Time : 3 Hours Max. Marks : 100

Q. 1. Write an essay on any **ONE** of the following in minimum **250** to maximum **300** words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well-argued piece of writing coherently and sequentially with observance of grammatical rules.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 15

I. Yoga is the ultimate fusion of science and spirituality.

II. Nature provides a free lunch, but only if we control our appetites.

III. Gender Wage Gap and Women's Rights.

IV. Has the Digital Media overtaken the Print Media?

V. Poverty is the parent of revolution and crime.

Q. 2. Imagine you are a Deputy Section Officer in the Department of Science and Technology, Government of Gujarat. The E-DHARA software has been recently updated to new version. Accordingly, the Government has decided to impart add-on training to all the field officers of Revenue Offices in the state. Your senior officer has sought your opinion about the needful actions for the same. Write a letter, in about 150 words, to your senior officer offering needful suggestions.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

Q. 3. Write a report in about **200** words on your recent visit to the closing ceremony of the 36th National Games 2022.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

Q. 4. Reflect on the following picture with meaningful observations in about **150** words.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10



Q. 5. A one-day Workshop for Chief Justices of High Courts on Information and Communication Technology (ICT) Enablement of Indian Judiciary through E-Courts Project has been organized by National Judicial Academy. Draft a formal speech, in about 150 words, to be delivered by the Hon'ble Chief Justice of India as the key speaker of the program.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Q. 6. Write a précis of the following passage in about one-third of its original length.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

Contemporary slavery includes but is not restricted to issues such as: forced labour, debt bondage, children forced into slavery or slavery-like conditions, domestic servitude, sexual slavery, and servile forms of marriage. As a legally permitted labour system, traditional slavery has been abolished everywhere, but it has not been completely eradicated. It can persist as a state of mind–among victims and their descendants and among the inheritors of those who practised it–long after it has formally ended.

Contemporary forms of slavery often involve populations hidden from the majority, some of whom perform unlawful work. Slavery often occurs in areas which are isolated from the mainstream and access to such places can be compromised when workers are involved in illegal activities, when such places are geographically isolated, or when the working conditions of slaves are violent or exist in politically, economically or socially unstable countries or regions of the world. The majority of sufferers of this menace are the poorest, most vulnerable and marginalized social groups in society who have lived their lives in fear to stand up against this inhumane practice which they are subject to. The members of these groups are often socialized in such a way that they accept their fate and offer little to no resistance towards the acts of their masters towards them.

Of the 45 million of the world's slaves, it is estimated that around 10 million of these contemporary slaves are children. These children are not given proper education and healthcare which is very essential in their development but are engaged in inhumane working conditions against their wills. Due to difficulty in its identification, loopholes in laws and improper implementation of these laws which protect against slavery, it is still prevalent in some parts of the world.

Q. 7. Read the following passage carefully and answer the questions that follow:

**(5 x 2 = 10)**

The burden of diabetes is high and increasing globally, and in developing economies like India, mainly fuelled by the increasing prevalence of overweight/ obesity and unhealthy lifestyles. The estimates in 2019 showed that 77 million individuals had diabetes in India, which is expected to rise to over 134 million by 2045. Approximately 57% of these individuals remain undiagnosed. Type 2 diabetes, which accounts for majority of the cases, can lead to multiorgan complications, broadly divided into microvascular and macrovascular complications. These complications are a significant cause for increased premature morbidity and mortality among individuals with diabetes, leading to reduced life expectancy and financial and other costs of diabetes leading to profound economic burden on the Indian healthcare system. The risk for diabetes is largely influenced by ethnicity, age, obesity and physical inactivity, unhealthy diet, and behavioural habits in addition to genetics and family history. Good control of blood sugar, blood pressure and blood lipid levels can prevent and/or delay the onset of diabetes complications. The prevention and management of diabetes and associated complications is a huge challenge in India due to several issues and barriers, including lack of multisectoral approach, surveillance data, awareness regarding diabetes, its risk factors and complications, access to healthcare settings, access to affordable medicines, etc. Thus, effective health promotion and primary prevention, at both, individual and population levels are the need of the hour to curb the diabetes epidemic and reduce diabetes-related complications in India.

Questions:

I. How can the onset of diabetes complications be delayed?

II. Why diabetes is a huge challenge in India?

III. Which are the major risk factors of diabetes?

IV. What can diabetes lead to?

V. Give a suitable title to the passage.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

Q. 8. Do as directed: **(15 x 1 = 15)**

Choose the correct answer from the given options and darken the circle (●) as well as write the correct answer in the bracket (CAPITAL LETTER) as per the sample given below.

1. We _______ no problems whatsoever with the bridge since it _______ forty years ago.

   A. had / has been constructed

   B. were having / was being constructed

   C. have had / was constructed

   D. had had / had been constructed

   E. are having / is constructed

2. It seems that that there _______ any noticeable improvement in the human rights problem in the underdeveloped countries until all such countries _______ their economic difficulties.

   A. cannot be / will overcome

   B. hasn't been / had overcome

   C. won't be / overcome

   D. wouldn't be / would be overcome

   E. wasn't / have overcome

3. Was she bringing tea? *(Change the voice)*

   A. Has tea bring brought by her?

   B. Was tea being brought by her?

   C. Is tea being brought by her?

   D. Was tea bringing by her?

   E. Is tea bringing by her?

4. The teacher said, “Let the boy go home now”. *(Change the narration)*

   A. The teacher asked if the boy might be allowed to go home then.

   B. The teacher said the boy might be allowed to go home then.

   C. The teacher said that the boy might be allowed to go home then.

   D. The teacher said that the boy may be allowed to go home now.

   E. The teacher said that the boy be let gone to home now.

5. Human is mortal. (Transform the sentence into a negative sentence without changing its meaning)

   A. Human is immortal.

   B. Human is not immortal.

   C. Not all humans are mortal.

   D. Not all humans are immortal.

   E. Every human is immortal.

6. Spring is _______ best season of _______ year.

   A. The, the

   B. A, a

   C. The, a

   D. A, No article

   E. No article, No article

7. The doctor gave me a prescription _______ my fever.

   A. to

   B. on

   C. for

   D. about

   E. if

8. I didn't know you were in town. It's strange to _______ you like this.

   A. look forward to

   B. run after

   C. run across

   D. look after

   E. put up with

9. He is a great teacher but tends to go off at a tangent. (Choose the correct meaning of the underlined expression)

   A. Change the subject immediately

   B. Become boisterous

   C. Forget things in between

   D. Go on at great length

   E. Become emotional

10. The meaning of *austerity measures* is _______.

   A. Getting all the employees properly insured

   B. Provide vehicle

   C. Provide residential facilities

   D. Health reforms

   E. Strict economic policies implemented by a government to reduce government spending and public debt

11. Choose the synonym of 'impediments'.

   A. merits

   B. obstructions

   C. accessories

   D. profit

   E. projected income

12. Choose the correct antonym of 'testify'.

A. evidence

B. prove

C. confide

D. witness

E. falsify

13. Choose the one-word substitution for 'one who denies oneself ordinary bodily pleasures'.

A. Aesthetic

B. Sadist

C. Atheist

D. Ascetic

E. Vicious

14. _______ the great diversity in social behaviour and habits between different types of ants, most of them have the same basic physical structure.

A. Accordingly

B. Even though

C. As if

D. Besides

E. Despite

15. The _______ of the truck has broken.

A. exhale

B. excel

C. axle

D. exal

E. axal

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| **કુલ ગુણ / TOTAL MARKS: 10** |

Q. 9. Translate the following passage from Gujarati into English:

રણછોડલાલ છોટાલાલ દ્વારા 1861માં અમદાવાદમાં પ્રથમ કાપડની મિલની સ્થાપના થયા બાદ વધુ મિલો સ્થપાઈ રહી હતી. આથી ઉદય પામતા મિલઉદ્યોગનાં હિતોનું રક્ષણ કરવા તેના અગ્રેસરો રણછોડલાલ છોટાલાલ, મંગળદાસ ગીરધરદાસ, મનસુખભાઈ ભગુભાઈ અને લાલભાઈ દલપતભાઈએ 1891માં અમદાવાદ મિલમાલિક મંડળની સ્થાપના કરી. રણછોડલાલ છોટાલાલ તેના પ્રથમ પ્રમુખ બન્યા. સમય જતાં ગુજરાતની બધી મિલો તેની સભ્ય બની. આ મંડળે કાપડ ઉદ્યોગનાં હિતોનું રક્ષણ કરવાના સર્વ પ્રયાસો કર્યા છે. ગાંધીજીના માર્ગદર્શન હેઠળ આ મંડળે કામદારો સાથેની સમસ્યાઓ લવાદીથી ઉકેલી છે. સહકાર અને સમજદારીની ભાવનાને પરિણામે છેલ્લા પાંચ દાયકાથી આ ઉદ્યોગમાં કોઈ મોટી હડતાળ પડી નથી.

આ મંડળને કેન્દ્ર અને રાજ્ય સરકારે માન્યતા આપી છે, તથા તેને અનેક સરકારી જાહેર સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. આ મંડળનું નામ બદલીને ‘અમદાવાદ કાપડ મિલમાલિક મંડળ’ રાખવામાં આવ્યું છે. સંસ્થાનું પોતાનું મકાન આશ્રમ રોડ ઉપર બાંધવામાં આવ્યું છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અછતનો અંકુશિત માલ સરકારની મદદથી મેળવીને વહેંચવાની જવાબદારી આ મંડળે લીધી હતી. કુદરતી આફતની અસરવાળા દેશના કોઈ પણ ભાગમાં આ મંડળે લોકોને મદદ પહોંચાડી છે.

**વિષય કોડ : DSM-3**

વિષય : સામાન્ય અભ્યાસ-1 (મુખ્ય પરીક્ષા) (વર્ણનાત્મક)

માધ્યમ : ગુજરાતી

સમય : 3 કલાક કુલ ગુણ : 100

સૂચના :
1. પ્રશ્નક્રમાંક 1 થી 10
2. બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
4. જવાબ આશરે 200 શબ્દોમાં લખવા.

પ્ર.-1. "હડપ્પીય નગર આયોજનના અવશેષો તે સમયની આર્થિક અને સામાજિક પરિસ્થિતિનો ખ્યાલ આપે છે." – ચર્ચા કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-2. મહાગુજરાતની ચળવળમાં ઈન્દુલાલ યાજ્ઞિકના યોગદાન વિશે ચર્ચા કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-3. ભારતના પ્રાચીન કળાના સ્વરૂપો દર્શાવતા કોઈ પણ બે સ્થળો વિશે જણાવો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-4. "આદિજાતિ સંસ્કૃતિમાં તંતુવાદ્યો ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે." – આ વાક્યની ઉદાહરણ સહ ચર્ચા કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-5. ઉત્તર ભારત અને દક્ષિણ ભારતની નદીઓની ભૌગોલીક રીતે તુલના કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-6. “આબોહવા પરિવર્તન (Climate Change) માનવ સંસ્કૃતિ માટે ખૂબ જ ગંભીર બાબત છે.” – મૂલ્યાંકન કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-7. લોકડાઉન (Lockdown) વખતે પર્યાવરણમાં પ્રદૂષણ સૌથી ઓછું હતું, તે જોતાં પર્યાવરણની રક્ષા માટે સમયાંતરે લોકડાઉન જરૂરી છે ? – ચર્ચા કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-8. સાયબર સિક્યોરીટીના ક્ષેત્રમાં AI (Artificial Intelligence)ની સકારાત્મક અને નકારાત્મક ભૂમિકાની ચર્ચા કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-9. "26 જાન્યુઆરી, 2023ના રોજની પ્રજાસત્તાક દિવસની પરેડ એ ભારતના વિકાસ અને રક્ષા શક્તિના પ્રદર્શનની પરેડ હતી.” – મૂલ્યાંકન કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-10. G-20 આંતરરાષ્ટ્રિય આર્થિક સહયોગ માટેનો પ્રમુખ મંચ છે. – ચર્ચા કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

**વિષય કોડ : DSM-4**

વિષય : સામાન્ય અભ્યાસ-2 (મુખ્ય પરીક્ષા) (વર્ણનાત્મક)

માધ્યમ : ગુજરાતી

સમય : 3 કલાક | કુલ ગુણ : 100

સૂચના :
1. પ્રશ્નક્રમાંક 1 થી 10
2. બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
4. જવાબ આશરે 200 શબ્દોમાં લખવા.

પ્ર.-1. "બંધારણીય સંસ્થાઓએ દેશની પ્રગતિ, જાહેર જીવન અને જનહિતમાં ઘણો જ અગત્યનો ફાળો આપેલ છે." કોઈ પણ બે સંસ્થાઓના ઉદાહરણ આપીને આ વિધાન સમજાવો.

**મેળવેલ ગુણ / OBTAINED MARKS**

**કુલ ગુણ / TOTAL MARKS: 10**

પ્ર.-2. જનહિત યાચિકા એ ન્યાયતંત્રની ખાસ ભેટ છે જે સામાન્ય લોકોના અધિકારોની રક્ષા કરે છે. – ચર્ચા કરો.

**મેળવેલ ગુણ / OBTAINED MARKS**

**કુલ ગુણ / TOTAL MARKS: 10**

પ્ર.-3. ભારતના બંધારણમાં કરવામાં આવેલ સુધારાઓ પૈકી કોઈ પણ બે સુધારાઓ અંગે ચર્ચા કરો.

**મેળવેલ ગુણ / OBTAINED MARKS**

**કુલ ગુણ / TOTAL MARKS: 10**

પ્ર.-4. "જાહેર વહીવટનું મૂલ્ય એ પારદર્શિતા, ઉત્તરદાયિત્વ અને સંવેદનશીલતાના પાયા ઉપર ટકેલ છે." - વાક્યનું યોગ્ય મૂલ્યાંકન કરો.

**મેળવેલ ગુણ / OBTAINED MARKS**

**કુલ ગુણ / TOTAL MARKS: 10**

| | | |
|---|---|---|
| પ્ર.-5. | બાળકોના અધિકારોના રક્ષણ માટે સરકારશ્રીએ લીધેલા અગત્યના બે પગલાંઓની ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-6. | લોકોને સમયમર્યાદામાં સેવા મળી શકે તે માટે "ગુજરાત જાહેર સેવા અધિનિયમ" એ અગત્યનો અધિનિયમ છે. આ અધિનિયમની અગત્યની જોગવાઈઓની ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-7. | સંસ્કાર અને મૂલ્યોના વિકાસમાં કુટુંબ, શિક્ષણ અને સમાજ મહત્વનો ભાગ ભજવે છે. – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-8. | અર્થતંત્રનો વિકાસ માપવા અલગ અલગ સૂચકાંકોનો ઉપયોગ થાય છે. કોઈ પણ બે સૂચકાંકોની ઉદાહરણ સાથે ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-9. | "ગુજરાત રાજ્યનું અર્થતંત્ર દેશના વિકાસ માટે નવી કેડી કંડારે છે." – વાક્યને યોગ્ય ઉદાહરણ સહીત સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્ર.-10. | "કોઈ પણ પ્રોજેક્ટની સામાજીક, આર્થિક અને પર્યાવરણ ઉપર જે અસર થનાર છે તે જાણવા માટે 'સોશિયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ' ખૂબ જ અગત્યનું ઘટક છે." – આ વાક્યની ઉદાહરણ સહ ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |